ાંક:ખતપ/૧૬૨૦૧૮/૧૧/ગ

IT Wing
Inward No.: ...
Date : 3/6/19
No. : ...

C. G. F. G. S.
30 MAY 2019
Inward No. 8240
Table No. 9-21

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ
બ્લોક નં.-૨, પહેલો માળ,
"કર્મયોગી ભવન"
નિર્માણ ભવનની પાછળ,
સેક્ટર-૧૦ એ, ગાંધીનગર- ૩૮૨ ૦૧૦.

29 MAY 2019

પ્રતિ,
અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી,
અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રીની કચેરી,
અરણ્યભવન, ગાંધીનગર.

વિષયઃ ઓક્ટોબર-૨૦૧૮માં યોજાયેલ "કચેરી અધિક્ષક" વર્ગ-૨ સંવર્ગની ખાતાકીય પરીક્ષાના પરીણામ સંબંધે ગુણનું પુનઃમુલ્યાંકન કરવા બાબત.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે માહે ઓકટોબર-૨૦૧૮ (જાહેર રજા સિવાય)ના રોજ મંડળ દ્વારા તા.૨૨/૧૦/૨૦૧૮ થી તા.૨૬/૧૦/૨૦૧૮ દરમ્યાન અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રીની કચેરીના કચેરી અધિક્ષક વર્ગ-૨ સંવર્ગની કુલ – ૩૪ (૪ ગેરહાજર). ઉમેદવારોની ખા.પ. યોજવામાં આવેલ હતી. તેનું પરિણામ તા.૨૬/૧૨/૨૦૧૮ના રોજ જાહેર કરવામાં આવેલ હતું. આ પરીક્ષામાં પેપર નં-૪ (કોડ નં-૯૭) વર્ણનાત્મક સ્વરૂપનું હતું.જેમાં ગુજરાતી, અંગ્રેજી તથા અન્ય સામાન્ય વિષયનો સમાવેશ થતો હતો.આ પેપરમાં પ્રશ્નક્રમાંક-૪ હેઠળ (A) અને (B) એવા બે ભાગ પડતાં હતાં અને બંનેના ૧૫ માર્કસ હતા પરંતુ પ્રશ્ન-૪ના (A) ભાગમાં એક(૧) અને બે(૨) એવા પ્રશ્નોનો સમાવેશ થતો હતો અને આ બંને પ્રશ્નો વચ્ચે ૧૫ માર્ક્સ ફાળવવામાં આવેલ હતાં.

આ પરીક્ષાનું પરિણામ જાહેર થયાં બાદ RTI દ્વારા આપની કચેરીના કેટલાક ઉમેદવારો એ પેપરની નકલ માંગેલ હતી અને ત્યારબાદ માર્ક્સની ફાળવણી બાબતે રજુઆત કરેલ હતી. આમ પ્રશ્ન-૪(A)ના પેટાપ્રશ્ન-૧, અને પેટાપ્રશ્ન-૨ના ૧૫ માર્ક્સની ફાળવણીમાં વિસંગતતા જણાયેલ હતી કે પેટાપ્રશ્ન-૧ના કેટલા માર્કસ ગણવા અને પેટાપ્રશ્ન-૨ ના કેટલા માર્ક્સ ગણવા. પેપરમાં મૂલ્યાંકનકારે કેટલીક ઉત્તરવહીમાં પેટાપ્રશ્ન-૧ના ૧૦ માર્ક્સ તથા પેટાપ્રશ્ન-૨ના ૫ માર્ક્સ ગણી માર્ક્સ આપેલ હતા.જ્યારે કેટલીક ઉત્તરવહીમાં પેટાપ્રશ્ન-૧ના ૫ માર્ક્સ અને પેટાપ્રશ્ન-૨ના ૧૦ માર્ક્સ ગણી માર્ક્સ આપેલ હતા. આ ભૂલ સુધારવા માટે મંડળ દ્વારા તમામ ૩૦ ઉમેદવારોની ઉત્તરવહીઓ મૂલ્યાંકનકારને મોકલવામાં આવેલ હતી. મૂલ્યાંકનકારે પણ તે ભૂલ સ્વીકારી તમામ ઉત્તરવહીઓનું પુનઃ મૂલ્યાંકન કરેલ હતું અને પ્રશ્ન-૪(A)ના પેટાપ્રશ્ન-૧ના ૧૦ માર્ક્સ ગણી તથા પેટાપ્રશ્ન-૨ના ૫ માર્ક્સ ગણી તમામ ઉત્તરવહીઓનું પુનઃ મૂલ્યાંકન કરી નવેસરથી માર્ક્સ આપેલ હતા. હવે એ માર્ક્સ ધ્યાને લઈને પરીણામ જાહેર કરવાનું થાય છે.

**<u>માહે-ઓકટોબર-૨૦૧૮ માં યોજાયેલ અગ્ર મુખ્ય વન સંરક્ષકની કચેરીના "કચેરી અધિક્ષક" વર્ગ-૨ ની ખાતાકીય પરીક્ષાનું પુનઃ મુલ્યાંકન બાદનું પરીણામ :-</u>**

| બેઠક નંબર | ઉમેદવારનું નામ | પુનઃમુલ્યાંકન કર્યા પહેલાના ગુણ | પુનઃમુલ્યાંકન કર્યા બાદના ગુણ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | શ્રી ઘનશ્યામભાઇ ગણેશભાઇ હેરમા | ૬૧ | ૬૪ |
| ૨ | શ્રી મનસુખભાઇ મનજીભાઇ સુરેલા | ૬૩ | ૬૬ |
| ૩ | શ્રી વીરજીભાઇ કુબેરભાઇ ગોહિલ | ૪૫ | ૫૦ |
| ૪ | શ્રીમતી મંજુલાબેન ભલાભાઇ સોજાવાલા | ગેરહાજર | ગેરહાજર |
| ૫ | શ્રી ભીખાભાઇ કચરાભાઇ પટેલ | ૪૪ | ૪૫ |
| ૬ | શ્રીમતી ભાવનાબેન જશવંતલાલ મોઢ | ૫૨ | ૫૫ |
| ૭ | શ્રી વિજયકુમાર ગણપતલાલ વ્યાસ | ૪૫ | ૪૬ |
| ૮ | શ્રીમતી અલકાબેન પ્રદિપકુમાર શાહ | ૫૫ | ૫૭ |
| ૯ | શ્રીમતી મુગ્ધા મિલિંદ ભદે | ૪૬ | ૪૮ |
| ૧૦ | શ્રી કીરીટકુમાર ચીમનલાલ પંચાલ | ૫૦ | ૫૧ |

D://RD/DE/34/PARTH/-